Seat No. : _______________

# AE-119

**April-2015**

**B.Ed., Sem.-II**

**B-501 : ગુજરાતી વિષય વસ્તુ અને પદ્ધતિ**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** (1) **બધા** જ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.
(2) **દરેક** પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ અંક તેના ગુણ દર્શાવે છે.

1. (અ) નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ **એક** પ્રશ્નનો ઉત્તર આશરે **750** શબ્દોમાં લખો : **10**
   (1) સૉનેટના લક્ષણોને ધ્યાનમાં રાખી, 'જૂનું પિયરઘર' કાવ્યનું મૂલ્યાંકન કરો.
   (2) 'પૃથ્વીવલ્લભ' ને નવલકથાના લક્ષણોને આધારે મૂલવો.

   (બ) નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ **એક** પ્રશ્નનો ઉત્તર આશરે **125** શબ્દોમાં લખો : **4**
   (1) અતિજ્ઞાન કૃતિને આધારે સહદેવની મનોસ્થિતિનું વર્ણન તમારા શબ્દોમાં લખો.
   (2) ક.મા. મુનશી ટૂંકમાં પરિચય આપો.
   (3) આક્કા પાઠને આધારે લેખકના બાલ્યાવસ્થાના પ્રસંગોનું વર્ણન કરો.

2. (અ) નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ **બે** પ્રશ્નોના ઉત્તર આશરે **100** શબ્દોમાં લખો : **6**
   (1) ગદ્ય શિક્ષણ અને પદ્ય શિક્ષણ વચ્ચેના તફાવતના ત્રણ મુદ્દા લખો.
   (2) માતૃભાષા શિક્ષણના કોઈ એક સામાન્ય હેતુ પસંદ કરી, તેના ચાર વિશિષ્ટ હેતુ લખો.
   (3) કોઈ એક ગદ્યપાઠનું નિરીક્ષણ કરતી વખતે તમે કઈ-કઈ બાબતો ધ્યાનમાં રાખશો ?

   (બ) નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ **એક**નો ઉત્તર આશરે **500** શબ્દોમાં લખો : **8**
   (1) નીરસ ગણાતા વ્યાકરણ શિક્ષણની ઉપેક્ષાના કારણો ચર્ચો.
   (2) એકમ આયોજનની સંકલ્પના સ્પષ્ટ કરી, તાસ આયોજન અને એકમ આયોજન વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

3. (અ) નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ **એક** પ્રશ્નનો ઉત્તર આશરે **750** શબ્દોમાં લખો : **10**
   (1) વાંચન કૌશલ્યનું મહત્ત્વ સ્પષ્ટ કરી, મુખ વાંચનમાં જોવા મળતા દોષો વિષે ચર્ચા કરો.
   (2) લેખિત અભિવ્યક્તિના આધારસ્થંભો દર્શાવી, તેમાં જણાતી ઉણપો અને હલ કરવાના ઉપાયોની ચર્ચા કરો.

(બ) નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ **એક** પ્રશ્નનો ઉત્તર આશરે **125** શબ્દોમાં લખો : **4**

(1) ભાષા શિક્ષણમાં પાઠ આપતી વખતે તમે ઉપયોગમાં લીધેલ કોઈપણ બે શૈક્ષણિક સાધનની નોંધ તૈયાર કરો.

(2) વિદ્યાર્થીઓ ઈત્તર વાંચનમાં રસ કેળવે તે માટે વર્ગશિક્ષક તરીકે તમે શું કરશો ?

(3) જૂથ ચર્ચા પદ્ધતિનું મહત્ત્વ જણાવો.

4. (અ) નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ **બે** પ્રશ્નોના ઉત્તર આશરે **100** શબ્દોમાં લખો : **6**

(1) માતૃભાષામાં પાઠ્ય-પુસ્તકની રચનાના સિદ્ધાંતો કયાં છે ?

(2) 'ભાવિ સમાજના ઘડતરમાં માતૃભાષા શિક્ષકની વિશેષ જવાબદારી છે.' આ વિધાનની યથાર્થતા ચર્ચો.

(3) ભાષાસાહિત્ય મંડળને ગતિશીલ બનાવવા તમે કઈ સહઅભ્યાસ પ્રવૃત્તિ કરશો ?

(બ) નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ **એક** પ્રશ્નનો ઉત્તર આશરે **500** શબ્દોમાં લખો : **8**

(1) બ્લ્યુ-પ્રિન્ટનું મહત્ત્વ સમજાવી, બ્લ્યુ-પ્રિન્ટ બનાવતી વખતે તમે કઈ-કઈ બાબતો ધ્યાનમાં રાખશો ?

(2) "ભાષા શિક્ષકની વ્યવસાયિક સજ્જતા" વિષય પર તમારે પ્રવચન આપવાનું હોય તો કયા-કયા મુદ્દાઓ આવરી લેશો ?

5. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો : **14**

(1) 'જૂનું પિયરઘર' કૃતિના કર્તાનું પુરૂં નામ લખો.

(2) 'અતિજ્ઞાન' ખંડકાવ્યના કવિનું નામ શું છે ?

(3) અનાત્મલક્ષી પ્રકારના પ્રશ્નો સૌથી વધુ વિશ્ર્વસનીય શા માટે હોય છે ?

(4) કાકા કાલેલકરને સાહિત્યક્ષેત્રે કયું બિરૂદ આપવામાં આવ્યું છે ?

(5) જ્હોન ડ્યુઈની વિચારધારા સાથે કઈ પદ્ધતિ સંકળાયેલી છે ?

(6) જૂથ ચર્ચા પદ્ધતિ એટલે શું ?

(7) મૂલ્યાંકન કસોટીની રચનામાં કઈ ત્રણ બાબતો મહત્ત્વની છે ?

(8) દ્રશ્ય-શ્રાવ્ય સાધનોનાં નામ જણાવો.

(9) મૂકવાચન કોને કહેવાય છે ?

(10) કાવ્ય શિક્ષણની કોઈપણ બે પદ્ધતિ જણાવો.

(11) ગુજરાતી ભાષાના કોઈપણ બે જાણીતા શબ્દકોશનું નામ જણાવો.

(12) એકમ આયોજનમાં ઓછામાં ઓછું કેટલા તાસનું આયોજન થાય છે ?

(13) ભાષા પ્રયોગ શાળાનો અર્થ સ્પષ્ટ કરો.

(14) પાઠ્ય-પુસ્તક ઉપરાંત વિશેષ માહિતી મેળવવા માટે ઉપયોગમાં લેવાતાં સાહિત્યને કયું સાહિત્ય કહેવાય ?

---